R.N.I. No. : GUJGUJ/2000/447-



અયૂબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઇટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 01 DATE: 07-01-17• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## બર્ડ ફલુના પોઝીટીવ રીપોર્ટથી અમદાવાદ અને આજુબાજુનો વિસ્તાર ઇફેક્ટેડ ઝોનમાં આવી શકે !

અમદાવાદ શહેરના હાથીજણ વિસ્તારમાંથી બર્ડ ફલુના પોઝીટીવ રીપોર્ટથી ખતરાની ઘંટી વાગવી શરુ થઇ ગઇ છે. પરંતુ હજુ સુધી આરોગ્ય વિભાગ કે સરકાર જાગી હોય તેમ લાગતું નથી.જો કે હાથીજણ અને તેની આસપાસનો ૧ કી.મી.નો વિસ્તારને પ્રતિબંધિત જાહેર કરી દેવાયો છે.હાથીજણ ગામથી ૧૦ કી.મી.ની ત્રીજ્યામાં એલર્ટ ઝોન જાહેર કરાયો છે.અમદાવાદ જિલ્લાના ૩૬ ગામોમાં સર્વે કરવામાં આવી રહ્યો છે.બે મેડીકલની ટીમો સ્ટેન્ડ બાય કરવામાં આવી છે.

ખરેખર બર્ડ ફલુ કેવી રીતે અમદાવાદના વિસ્તારોમાં પ્રવેશી ગયો તે એક પહેલી જેવું હાલમાં તો લાગી રહ્યું છે.આશા ફાઉન્ડેશનની આજબાજુનો વિસ્તારને ઈફેકટેડ ઝોન જાહેર કરવામાં આવ્યો છે.આશા ફાઉન્ડેશનમાંથી ૨૬ મરઘીઓ શંકાસ્પદ રીતે મૃત્યુ પામી હતી અને તેનો ટેસ્ટ કરતાં તે પોઝીટીવ આવ્યો હતો.જો કે શરુઆતમાં મીડીયામાં એવું કહેવામાં આવ્યુ હતું કે ઉત્તર પ્રદેશના અલ્હાબાદથી વાહનમાં ૧૪૩૦ મરઘીઓ અમદાવાદ લાવવામાં આવી હતી.અને વસ્ત્રાલ પાસે ખુલ્લી જગ્યામાં તેને છોડી દેવાઇ હતી.તેમાંથી મોટાભાગની મુરઘીઓ આશા ફાઉન્ડેશનમાં મોકલી આપવામાં આવી હતી. કેટલીક મેમ નગર પાસે મોકલી આપવામાં આવી હતી.જો કે આશા ફાઉન્ડેશનમાં જે મરઘીઓ મરી ગઇ તેનો અને આ ચાઇનીઝ મરઘીઓ સંક્રમિત હોવાનું કારણ આગળ ધરીને સંચાલકો જુદી જુદી વાતો કહી છે.હજુ તથ્ય ખુલતું નથી. અલ્હાબાદ થી કે મુંબઇ થી સંક્રમિત મુરઘીઓ અમદાવાદ કેમ લવાઇ ? ચાઇનીઝ મુરઘીઓ વસ્ત્રાલ પાસે કેમ ખુલ્લામાં છોડી મુકાઇ ? કોઇ વેપારી પોતાનો માલ આવી રીતે છોડી જઇ શકે નહીં. કોઇકે તેનો માલ જબરજસ્તીથી ઉતારાયો હોય તેમ પણ માનવાને કારણ છે. જીવદયાને નામે કેટલાક અસામાજિક તત્વો હજુ પણ સક્રિય છે.તેઓ જીવદયાને નામે કે ધર્મના નામે યેન કેન પ્રકારે અબોલ જીવોનો કબજો લઇને પછી તેનો વેપલો કરતાં હોય તેવા સમાચારો પણ ફરે છે.માનનીય વડાપ્રધાને જીવદયાને નામે અને ગૌરક્ષાને નામે ચરી ખાતા અસામાજિક તત્વો સામે આંખ લાલ કરતાં હવે પશુ -પક્ષીઓ સંક્રમિત હોવાનો ભય ઉભો કરીને તેમના સ્વાર્થ સાધવા આવા તત્વો સક્રીય છે અને તેઓ ગમે તે ખેલ પાડવા તૈયાર છે. જો કે ભોપાલ લેબ.નો રીપોર્ટ હજુ સુધી દેખાયો નથી તેથી બહારથી આવેલી મુરઘીઓ સંક્રમિત છે કે કેમ તે હજુ સુધી નક્કી થઇ શક્યું નથી.આરોગ્ય વિભાગ સક્રિય થવાને કારણે આશા ફાઉન્ડેશનના સંચાલકો સાથે મારામારી સુધીના મામલા ઉભા થયા હોવાનું ચર્ચાઇ રહ્યું છે.જો કે અમદાવાદના બજારોમાં ઈંડા, ચીકન ખાનારા લોકો બેફિકર ખાઇ રહ્યા છે તેમને હજુ સુધી બર્ડ ફલુ નો ડર લાગ્યો નથી.

## ટ્રેનની ટીકીટ પુરા નાણાં આપી ખરીદવી પડશે ત્યારબાદ મુસાફરના ખાતામાં સબસીડીના નાણાં જમા થશે

સરકારી સબસીડીનો સીધો લાભ બેન્ક ખાતામાં જમા કરવાની ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્શફર યોજના હવે રેલ્વેમાં પણ લાગુ કરવાની તૈયારી ચાલી રહી છે.આ યોજનાનો અમલ કરવાની ઉતાવળ એટલા માટે છે કે હાલમાં રેલવેની આર્થિક હાલત ખરાબ છે અને તેનો ઓપરેટીંગ રેશિયો ૧૧૦થી પણ ઉંચે ગયો છે.નીતિ આયોગના સભ્ય વિવેક દેબવાયની અધ્યક્ષતાવાળી એક કમિટીએ ગયા વર્ષે જ સલાહ આપી હતી કે રેલવે સમાજના વિવિધ વર્ગોને રેલવેમાં પ્રવાસ કરવામાં રાહતના ભાડામાં સબસીડી આપે છે.જે ભાડાના દસ ટકાથી લઇને સો ટકા સુધી હોય છે. સરકારની યોજના છે કે ભાડમાં રાહત લેતી વ્યક્તિ પહેલા પુરા નાણાં ચુકવી ટીકીટ લે અને પછી આધારકાર્ડના ડેટાબેઝનો ઉપયોગ કરીને લાભાર્થીના બેન્ક ખાતામાં સબસીડીના નાણાં જમા કરાવી દેવાય. આ વ્યવસ્થા અત્યારે રાંધણગેસની સબસીડી અપાય છે એ જ રીતે કામ કરશે.આખી યોજનાની ભુમિકા પ્રધાનમંત્રી કાર્યાલયની છે અને તેના ઉપર પીએમઓ નજર રાખી રહ્યું છે.

## સ્ટેટ બેન્કે પેટીએમ ને બ્લોક કરતાં અસંખ્ય નાગરિકોના નાણાં વોલેટસમાં ફસાયા

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાએ સુરક્ષા અને સલામતિના કારણોસર ઇ-વોલેટ પેટીએમને બ્લોક કરતાં રાજ્યના અનેક શહેરોમાં પેટીએમથી વ્યવહાર કરતાં નાગરિકો ફસાઇ ગયા હતા.પેટીએમની સર્વીસ વાંધાજનક હોવા સાથે અસુરક્ષિત હોવાનો સિક્કો એસબીઆઇએ માર્યો હતો.પૈસા ટ્રાન્સફર નહીં થતાં લોકો હેરાન થયા હતા.

નોટબંધી બાદ સંખ્યાબંધ ઇ-વોલેટ્સ બજારમાં આવ્યા હતા.કેશલેશ ઈકોનોમી કરવાનો વડાપ્રધાનનો આગ્રહને કારણે લોકો કેશલેશ વ્યવહારો તરફ વળ્યા હતા.જ્યારે પેટીએમ જુનું હોવાના દાવા સાથે અનેક ગ્રાહકો આર્કષાયા હતા.રોકડના અભાવે અને કેશલેસની ઝુંબેશમા જોડાવા માટે મોટી સંખ્યામાં લોકોએ પેટીએમની એપ ડાઉનલોડ કરી હતી. જો કે આ એપ્લીકેશન અસુરક્ષિત હોવાની કોઇને જાણ ન હતી તેના કારણે સંખ્યાબંધ લોકો એપ ડાઉનલોડ કરતા જ રહ્યા તે તમામ આજે ફસાઇ ગયા છે.સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાએ આજે પેટીએમના વોલેટ્સને બ્લોક કરી દીધું છે. તેના કારણે સ્ટેટ બેન્ક નેટ બેન્કીંગથી આ ઇ-વોલેટસમાં નાણાં ટ્રાન્સફર થઇ શકશે નહીં.રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડીયાની ગાઉડ લાઇન પ્રમાણે સુરક્ષા તથા વ્યવસાયિક હિતના કારણોસર આ નિર્ણય કર્યો છે.પેટીએમને બ્લોક કરી દેતાં સ્ટેટ બેન્કે કહ્યુ હતું કે સુરક્ષાનું ઉલ્લંઘન થતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.બેન્કના જણાવ્યા પ્રમાણે કેટલાય ગ્રાહકો ફીશીંગનો શિકાર થયા છે.તેની જાણ્ થતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## આ વર્ષથી ચિપ લગાવેલો પાસપોર્ટ આપવામાં આવશે જેથી બોગસ પાસપોર્ટની સમસ્યાનો અંત આવશે

લગભગ આઠ વર્ષ પહેલાં જાહેર કરવામાં આવેલો ઇ-પાસપોર્ટ પ્રોજેક્ટ આખરે પુરો થયો છે અને ૨૦૧૭માં નાગરિકોને નવી ટેકનોલોજીથી સજ્જ પાસપોર્ટ મળવા લાગશે.બાયો-મેટ્રીક માહીતિ જેવાં વધારે સલામતી ફિચર્સ ધરાવતાં ઇ-પાસપોર્ટ લોન્ચ કરીને મોદી સરકાર આ અતિ મહત્વપુર્ણ ડોક્યુમેન્ટનો દુરપયોગ થતો અટકાવવા માંગે છે અને કડક નિયમો અમલમાં મુકવા માંગે છે.સરકારે તાજેતરમાં પાસપોર્ટ મેળવવાના નિયમોમાં પણ રાહતની જાહેરાત કરી હતી. વિદેશી બાબતોનું મંત્રાલય ચિપ લાગેલા ઇ-પાસપોર્ટ બનાવશે.જેથી તેની અંદર રહેલી માહિતીનું ઈલેક્ટ્રોનીકલી વેરીફિકેશન થઇ શકશે એમ આ હિલચાલથી પરિચિત લોકોએ એક સમાચાર પત્રને જણાવ્યુ હતું.

ઇ-પાસપોર્ટને કારણે માહિતીની ચોરી અટકશે અને બોગસ પાસપોર્ટની સમસ્યાનો અંત આવી શકશે. ઇ-પાસપોર્ટમાં ઈલેક્ટ્રોનિક ચીપ લગાવેલી હશે. જેમાં પાસપોર્ટ ધારકની માહીતી હશે અને તે ઓરીજનલ પાસપોર્ટના ડેટા પેજ પર પ્રિન્ટેડ હશે.એટલે ઈમીગ્રેશન અધિકારીને બોગસ પાસપોર્ટ શોધવામાં સરળતા પડશે.અને પાસપોર્ટનો દુરપયોગ થતો અટકશે.વિદેશ મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી વી.કે.સિંહે કહ્યુ હતું કે સરકારે ઇન્ડીયા સિક્યોરીટી પ્રેસ,નાસિકને ઇ-પાસપોર્ટનું ઉત્પાદન કરવા માટે ઈલે.કોન્ટેક્ટલેસ ઇનલેઝના પ્રોક્યોરમેન્ટને મંજુરી આપી દીધી છે.આઇએસપી નાસિકને ત્રણ તબક્કાનું વૈશ્વિક ટેન્ડર બહાર પાડવાની સત્તા આપી છે.

## ઇસરો એક સાથે ૧૦૩ વિદેશી ઉપગ્રહો અવકાશમાં મોકલશે

ઇન્ડીયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન(ઇસરો) ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં પોતાના પીએસએલવ-સી૩૭ યાનનો ઉપયોગ કરી વિક્રમી ૧૦૩ ઉપગ્રહો લોન્ચ કરશે.ફેબ્રુઆરીમાં જે ૧૦૦થી વધુ ઉપગ્રહો લોન્ચ થવાના છે તેમાં અમેરિકા અને જર્મની સહિત અનેક અન્ય દેશોના છે.ઈસરોના લિકિવડ પ્રોપલ્શન સિસ્ટમ સેન્ટરના ડિરેકટર એસ.સોમનાથે કહ્યુ હતું કે એકસાથે ૧૦૦થી વધુ ઉપગ્રહોને અવકાશમાં મોકલીને અમે સેન્ચુરી રહ્યા છીએ.સોમનાથે કહ્યુ હતું કે તેના પહેલા ઈસરો જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં એકસાથે ૮૩ ઉપગ્રહોને લોન્ચ કરવાની યોજના કરી હતી.જેમાં ૮૦ ઉપગ્રહો વિદેશી હતા. પરંતુ તેમાં વધુ ૨૦ વિદેશી ઉપગ્રહો જોડાતા લોન્ચીંગની તારીખ એક સપ્તાહ આગળ વધારી દેવાઇ હતી.હવે તે ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં થશે.

## મહેન્દ્રસિંહ ધોનીએ વન-ડે અને ૨૦-૨૦નું સુકાની પદ ત્યજી દેતાં ક્રિકેટ જગતમાં આંચકો

મહેન્દ્રસિંહ ધોનીએ આશ્ચર્યજનક નિર્ણય લઇને વન-ડે ટીમના સુકાની પદેથી રાજીનામુ આપી દેતાં ક્રિકેટ જગતમાં આઘાત લાગ્યો હતો.આ સાથે ભારતીય ક્રિકેટના સૌથી સફળ વન-ડે સુકાની તરીકેની ધોનીની કારકીર્દીનો અંત આવ્યો છે.જો કે તે એક ખેલાડી તરીકે રમવાનુ જારી રાખશે.બીસીસીઆઇએ જણાવ્યુ હતું કે ધોનીએ બોર્ડને માહિતી આપી હતી કે તે વન-ડે અને ટી-૨૦ ટીમનું સુકાનીપદ છોડવા માંગે છે. હવે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની વન-ડે શ્રેણીમાં ધોનીને સ્થાને વિરાટ કોહલીને ટીમની આગેવાની સોપાઇ જશે.જો કે ધોનીએ પોતાનો આ નિર્ણય જારી કરવાની સાથે પસંદગી સમિતિને એ પણ જાણકારી આપી હતી કે તે ઈંગ્લેન્ડ સામેની ૧૫મી થી શરુ થઇ રહેલી વન-ડે શ્રેણીમાં રમવાનો છે.ક્રિકેટ પ્રેમીઓને ધોનીના આ નિર્ણયથી આંચકો જરુર લાગ્યો છે.

http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

# નવક્રાંતિ

૨૦૧૬નું વર્ષ પુરુ થયું અને ૨૦૧૭નું નવુ વર્ષ શરુ થયું. ૨૦૧૬ના આખરી તબક્કામાં એક મહત્વનો બનાવ દેશના ઈતિહાસમાં અંકિત થઈ ગયો. વડાપ્રધાને દેશના ચલણમાંથી રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટો નાબુદ કરી. પરિણામે દેશની બેન્કો આગળ નોટો બદલાવવા માટે લોકોની કતારો લાગી ગઈ.નોટબંધી માટે સરકારે રજુ કરેલા બચાવનામાં પ્રમાણે કાળુ નાણું અને નકલી નોટો,મુખ્યત્વે હતી.ત્યાર બાદ અન્ય કારણો હતા. પરંતુ તાજેતરમાં જે આંકડાઓ સમાચાર પત્રોએ પ્રસિધ્ધ કર્યા છે તે જોતાં ચલણમાંથી પાછી ફરેલી નોટોની ટકાવારી ખુબજ ઉંચી છે તેથી કાળા નાણાં સફેદ થઈ ગયા હોવાની ભીતી સેવાઈ રહી છે. કાળા નાણાંનો જથ્થો યેનકેન પ્રકારે બેન્કોમાં જમા થઈ ચુક્યો છે.નકલી નોટો અસલી નોટો સાથે ભળી ગઈ અને છેવટે તો રિઝર્વ બેન્કના ખોળામાં બેસી ગઈ.નકલી નોટોનું પ્રમાણ ધાર્યા કરતાં જમા થયેલ ટકાવારી પ્રમાણે ઓછું છે.જેથી સરકારની આશા ઠગારી નીવડી હોવાનું દેખાઈ રહ્યું છે. દેશમાં,વિદેશોમાં આર્થિક નિષ્ણાંતો દ્વારા નોટબંધીની દુરોગામી અસરો અને તાત્કાલીક અસરો અંગે સારુ ચિત્ર જોવા મળ્યું નથી.ભલે સરકારી સુત્રો પોતાના ગુણગાન ગાતા હોય પરંતુ તેમ નથી તેવી તેઓને પણ ખાત્રી થઈ ગઈ છે.નાગરિકો અને બેન્કો વચ્ચે થયેલી ગેરસમજો અને ગરબડોમાં હજુ સુધી નક્કી કરી શકાયું નથી કે કોણ સાચું છે.બેન્કોના કેટલાક અધિકારીઓએ સમયનો દુરપયોગ કરીને કરોડોનો વહીવટ કરી નાંખ્યો છે.ભ્રષ્ટાચાર રોકવાની સરકારની ખ્વાઈશ બુરી રીતે ધ્વંશ થઈ ગઈ છે.નોટબંધીથી થયેલ ભારે તકલીફોનો અંત તો આવ્યો છે પરંતુ સરકાર માટે લોકોના મનમાં ભારે રંજ પેદા થયો છે.ભલે સરકારે ખોટા સમાચારો ઉભા કરીને લોકોના અભિપ્રાય બદલવાની નાકામયાબ કોશિશ કરી પરંતુ લોકો સરકારી પ્રયાસોને રમુજમાં લેતા થઈ ગયા છે.

બીજી એક ઘટના બની. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ ટી.એસ.ઠાકુર નિવૃત થયા.પરિણામે એનડીએની સરકારને એવા ઘણા બધા નિર્ણયોમાં સુપ્રીમ કોર્ટે લપડાક મારી હતી પરિણામે તેમની ઈમેજ ખરડાઈ હતી.હાઈકોર્ટના જજોની બદલીઓ અંગેની સુપ્રીમ કોર્ટે મોકલેલી ફાઈલો સરકારે દબાવી રાખી હતી. અને તે અંગે સુપ્રીમે ભારે કડક વલણ સાથે સરકારની ટીકા કરી હતી. સરકાર તેમના માનીતાઓને મુકવા માંગે છે તેવી પણ ટકોર કરી ચીફ જસ્ટીસે કરી હતી. હવે તેઓ નિવૃત્ત થયા છે તેથી સરકારે રાહતનો દમ લીધો હશે.હવે તેઓ તેમની ઈચ્છા મુજબ તે ફાઈલોનો નિકાલ કરી શકશે.કદાચ સરકારની ટીકાઓને કારણે સરકારે આ ફાઈલો તેમની નિવૃત્તિ સુધી લટકાવી દીધી હોય તેમ બની શકે છે.

ત્રીજી એક ઘટના એ બની કે દેશના ક્રિકેટ સુપર સ્ટાર કેપ્ટન મહેન્દ્ર સિગ ધોનીએ કપ્તાન પદેથી હટી જવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. ભારતીય ક્રિકેટને ભવ્યતા બક્ષીને વિશ્વ કક્ષાએ ભારતીય ટીમનો દબદબો વધારનાર મહેન્દ્રસિંગ ધોનીનો નિર્ણય આકરો છે. પરંતુ તેને ઘણા બધા ક્રિકેટ માંધાતાઓ વખાણ્યો છે.જો કે હાલમાં ક્રિકેટમાં નવા આવેલા ભારતીય સિતારાઓની તાજેતરમાં જે રીતે તેમનુ પ્રદર્શન કર્યું છે તે ભારતીય ક્રિકેટનું ઉજ્જવલ ભવિષ્ય બતાવે છે.

ગત વર્ષની કેટલીક ઘટનાઓ અને નવીન વર્ષની કેટલીક ઘટનાઓને આપણે સ્વીકારીએ કે ગમે તેવી હોય પરંતુ તે ઘટનાઓ અંકિત થઈ ચુકી છે અને તેને વાગોળવી પડશે તેમાં કોઈ શક નથી. કેટલાક લેવાયેલ નિર્ણયોને કારણે જે દહેશત ઊભી થઈ છે તેનો મુશ્કેલીઓ આવે તેનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.રાષ્ટ્રપતિએ આર્થિક મુશ્કેલીઓ આવી શકે તેવો ભય વ્યક્ત કર્યો છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃએ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# કોગ્રેસ આગેવાની હેઠળ નીકળેલી વિપક્ષની રેલીમાં નોટબંધીની આકરી ટીકા કરતાં કહેવાયું પ્રયોગ નિષ્ફળ ગયો છે



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નોટબંધીના નિર્ણય અને ભ્રષ્ટાચારના વિરોધમાં કોગ્રેસની આગેવાની હેઠળ વિપક્ષોએ તેમની આકરી ટીકા કરી હતી.કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ સહારા-બિરલા દ્વારા મોદીને નાણાં અપાયાનો આક્ષેપ ફરી ઉચ્ચાર્યો હતો. રાહુલે કહ્યુ હતું કે ૩૦ તારીખ નજીકમાં જ છે.પરંતુ દેશમાં મુશ્કેલી યથાવત છે.બીજી બાજુ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ હતું કે મોદી સવારથી રાત સુધી બધાને ડરાવે છે. સરકાર જ ડરાવવા લાગે તો કેમ ચાલશે ? માયાવતીને પકડો, સોનિયાને પકડો,મમતાને પકડો, લાલુને પકડો આ બધું શું છે ? આજે દેશમાં સુપર ઈમરજન્સી ચાલી રહી છે.મોદી તાત્કાલિક રાજીનામું આપે. નોટબંધીનો હેતુ સર્યો નથી તે નિષ્ફળ નીવડી છે.

પત્રકાર પરિષદમાં કોંગ્રેસ ટીએમસી ઉપરાંત આરજેડી,મુસ્લીમ લીગ,જેએમએ, એઆઈઇયુડીએફ, અને જેડીએસ સામેલ થયા હતા.પરંતુ સપા,બીએસપી,ડાબેરીઓ, જદ(યુ) અને એનસીપી અપેક્ષા મુજબ ગેરહાજર રહ્યા હતા. રાહુલે કહ્યુ હતુ કે પૈસા બદલવા માટે એક નવું બ્લેક માર્કેટ તૈયાર થઈ ગયુ છે તેની અસર નબળા અને ગરીબ લોકોને થઈ છે.સાત વર્ષમાં સૌથી વધુ બેરોજગારી આજે છે.વડાપ્રધાને તેનો જવાબ આપવો જોઈએ.અમારા જે અધિકારો છે તે ઝુંટવી લેવાયા છે. જર્મની હોય કે અમેરિકા તમામ કેશ પર જ ચાલે છે.કેશલેસ ઈકોનોમીના નામે આ તમામ ફેસલેસ થઈ ગયા છે.

રાહુલ પછી મમતા બેનરજીએ પણ નોટબંધીના મામલે વડાપ્રધાનની ટીકા કરી હતી.તેમણે કહયુ હતું કે અમે નોટબંધીના મુદ્દે વાતચીત કરી છે.આ એક મેગાસ્કેમ છે. આઝાદી પછી એવું ક્યારેય બન્યું નથી.દેશની અર્થવ્યવસ્થા નબળી પડી ગઈ છે. દરેક માણસ રડી રહ્યો છે. મોદીજીએ કહ્યુ હતું કે તે અચ્છે દિન લાવશે, શું આ અચ્છે દિનના પુરાવા છે ?ગરીબોના પૈસા લુંટીને એનપીએના નામે પોતાના નજીકના લોકોને ફાયદો આપી રહ્યા છે.

ટુંકમાં કહીએ તો મોદી સરકારની નોટબંધીએ વિરોધ પક્ષોને મોરચો માંડવા સક્રિય કર્યા છે.નોટબંધીને કારણે વિરોધપક્ષોમાં ધીમે ધીમે એકતા સ્થપાવા માંડી છે.નોટબંધીથી ઉભી થયેલી પરિસ્થિતિને સરકાર સુધારી શકી નથી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં પરિસ્થિતિ એકદમ કઠીન બની છે. ખેડુતો લાચાર બની ગયા છે.કચરામાં શાકભાજી ફેંકી દેવા પડ્યા છે. હવે જો મોદી સરકારને નહી જાગે તો વિપક્ષો વધુ મજબુત બની જશે તેમાં લગીરેય શંકા નથી.

# ગુજરાતમાં દસ લાખ લોકો વર્ષોથી ઇન્કમટેક્ષ રિટર્ન ફાઇલ જ કરતા નથી

દેશમાં ૬૮ લાખ કરદાતા એવા છે કે જે મોટી રકમના બેન્કીંગ ટ્રાન્ઝેકશનો કરી રહ્યા છે પણ આવકવેરાનું રિટર્ન ફાઈલ કરતાં નથી.ગુજરાતમાં ૧૦ લાખ કરદાતાઓ નોટબંધી પછી એવા શોધી કાઢવામાં આવ્યા છે કેજેમના આઈટી રિટર્ન ફાઈલ જ થયા નથી.નાણાંકીય વર્ષ ૧૪-૧૫ના નાણાંકીય વ્યવહારો મોટા જોવા મળ્યા છે તેની સરખામણીમાં ૧૫-૧૬માં રિટર્નની સંખ્યા ઓછી છે.આવકવેરા વિભાગે કરદાતાઓને શોધી કાઢવાની ઝુંબેશ શરુ કરી દીધી છે.અને ડિસેમ્બર માસ પછી તેઓને નોટીસ આપવાનું જારી કરવામાં આવશે.નોટબંધી મોટી રકમની કેશ બેન્ક ખાતામાં જમા થઈ છે તેમને આવકવેરા દ્વારા પુછપરછ કરવામા આવશે.પણ ગૃહીણીઓના ખાતામાં રુ.૨.૫૦ લાખ સુધી કોઈ તપાસ થવાની નથી તેવી સીબીડીટીએ જાહેરાત કરી ચે.પરંતુ પાનકાર્ડ ધરાવતી મહિલાઓના ખાતામાં મોટી રકમ જમા થઈ હશે તેમને આવકના સ્ત્રોત પુછવામાં આવી શકે છે.આવકવેરા વિભાગે બેન્કો, એન્યુઅલ ઈન્ફોમેશન રિટર્ન, ટીડીએસ ઓફીસ તેમજ સેન્ટ્રલ ઈન્ટેલીજન્સ બ્યુરો કે જે આવકવેરા માટે માહીતી એકત્રીત કરે છે તેના આધારે રિટર્ન ફાઈલ નહીં કરતાં કરદાતાઓને નોટીસ આપવામાં આવશે.અમદાવાદ સહિત રાજયની કો.ઓ.બેન્કો અને રાષ્ટ્રીયકૃત બેન્કોમાં સેવિગ્સ ખાતામાં છેલ્લા ત્રણ વર્ષમાં નાણાંકીય લેવડદેવડ મોટા પ્રમાણમાં થઈ છે તેની માહીતી મેળવી લીધી છે.હાલમાં એસેસમેન્ટ પ્રક્રિયા ચાલી રહી છે.ડિસેમ્બર સુધીમાં તમામ કામગીરી પુર્ણ કરવામાં આવશે. સીબીડીટીએ આદેશ આપ્યો છે અને ત્યારબાદ દરોડાની કામગીરીમાં જોડાઈ જવા સ્પષ્ટ આદેશ આપી દીધો છે.

# ફિલિપાઇન્સમાં નાતાલની સંધ્યાએ કેથલિક ચર્ચ ખાતે વિસ્ફોટ થતાં ૧૬ને ઇજા પહોચી

ફિલીપાઈન્સમાં દક્ષિણ વિસ્તારમાં અશાંત ટાપુ મિન્ડાનોઓ ખાતે કેથલિક ચર્ચ બહાર નાતાલ પર્વની સંધ્યાએ પ્રાર્થના વખતે જ વિસ્ફોટ થતાં ૧૬ લોકોને ઈજા પહોચી હતી.ક્રિસમસ અને ન્યુઈયરની ઉજવણી વખતે કાયદો વ્યવસ્થા જાળવવા દક્ષિણ એશીયાના ઘણા દેશોમાં એલર્ટ આપવામાં આવ્યુ છે. ઓસ્ટેલીયા અને ઈન્ડોનેસીયા દાવો કરી ચુક્યા છે કે તેઓ ષડયંત્રો નિષ્ફળ કરી ચુક્યા છે.મલેશિયામાં કેટલાક શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે.સલામતી દળો શંકાસ્પદોની ધરપકડ કરી ચુક્યા છે.પોલીસે જણાવ્યુ હતું કે મોટાભાગના ઈજાગ્રસ્તો ચર્ચની બહાર ઉભેલા હતા.વિસ્ફોટ થતાં ચર્ચમાંથી લોકો વિખરાઈ ગયા હતા. બોમ્બ નિષ્ણાંતો વિસ્ફોટની તપાસ કરી રહ્યા છે કે વિસ્તારમાં કોઈ અન્ય બોમ્બ તો નથી મુકાયાને.બોમ્બ વિસ્ફોટની જવાબદારી કોઈ જુથે સ્વીકારી નથી. પરંતુ વિસ્તારમાં મુસ્લીમ બળવાખોરો સક્રિય છે અને ભુતકાળમાં પણ વિસ્ફોટો થયા છે.મનીલા ખાતેના અમેરીકી દુતાવાસે પોતાના નાગરિકોને દક્ષીણના ટાપુઓ તરફ સફર ના કરવા ચેતવણી આપી છે.

## ગુજરાતમાં દારુબંધીનો કડક અમલ સામે તેની નિષ્ફળતા પાછળ ક્યા જવાબદાર પરિબળો છે ?

ગુજરાતમાં દારુબંધીને વિકાસ સાથે જોડી દેવાય છે.ક્યારે મહાત્મા ગાંધીના નામ સાથે જોડી દેવાય છે.તો ગુજરાતની સમૃધ્ધિ પાછળ તેનો હાથ છે કહીને જાહેરમાં નેતાઓ પોરસાય છે.પરંતુ ખરેખર ગુજરાતમાં દારુબંધી છે ? ગુજરાતમાં કેટલો દારુ વેચાય છે તેનો હિસાબ માડીએ તો વાર્ષિક બજેટમાં જેટલાં નાણાંની જોગવાઇ સરકાર પોતાના માટે કરે છે તેના કરતાં મોટું બજેટ દારુના વેચાણનું છે એવું કહેવાય છે . આ બાબતે અતિશયોક્તિ હોઇ શકે છે પરંતુ ખરેખર જોઇતો વિશાળ નેટવર્ક ધરાવતો આ ધંધો અનેક લોકોનું કલ્યાણ કરે છે.જેમનું કલ્યાણ કરે છે તે પાછા નાના મોટા તો નથી જ પરંતુ સૌથી મોટા સત્તાધારી લોકો જ છે જેના કારણે ગુજરાતમાં દારુબંધી સફળ થઇ નથી.

ગુજરાતની સ્થાપના થઇ ત્યાર બાદ અનેક વાર લઠ્ઠાકાંડ થયા અને હજારો લોકો તેનો ભોગ બન્યા. કારણકે નીચલા વર્ગના લોકો જેમને નશાનું બંધાણ છે તેઓ સસ્તો દારુ મેળવવા માટે આવા પ્રકારનો દારુ પીવાથી પોતાનો જાન ગુમાવે છે. જ્યારે ધનવાન વર્ગ પોતના પૈસાના જોરે આરોગ્યના ધારાધોરણો મુજબ પરમીટ મેળવી લે છે.અને એવું કહેવાય છે કે પરમીટ આપનારા ભરપુર નાણાં લઇને પરમીટ તમારા ધર સુધી પહોચાડી દે છે.જેમની પાસે નાણાં છે તેમને કોઇપણ જાતની તકલીફ પડતી નથી.

નાણાંના જોરે ધનિકો ફાર્મ હાઉસોમાં પોતાના મિત્રમંડળ સાથે આવી મહેફીલો સજાવે છે.તાજેતરમાં વડોદરા ખાથે અખંડ ફાર્મહાઉસમાંથી રેઇડમાં પકડાયેલા તમામ લોકો ઉચ્ચ વર્ગમાંથી આવતાં ધનિકો, ઉદ્યોગપતિઓ હતા.જેઓ લગ્ન પ્રસંગના નામે શરાબની મહેફીલ માંણી રહ્યા હતા.વડોદરામાં કોર્પોરેટ જગતમાં ભુકંપ લાવનારી આ દારુની મહેફીલ પર પોલીસના દરોડાના હજુ પણ ઊદ્યોગકારોમાં આંચકા આવી રહ્યા છે.આ દરોડાનો જે રીતે પ્રચાર અને પ્રસાર થઇ રહ્યો છે તે જોતાં એવું લાગે છે કે આ 'કોર્પોરેટ ગેંગવોર 'હોય તેવુ લાગે છે.

પોલીસે રેડમાં અનેક જાણીતા ઉદ્યોગપતિઓની ધરપકડ કરી હતી.આ મોટાભાગના ઉદ્યોગપતિઓ વડોદરાના એક જુથના ઉદ્યોગપતિઓ હતા.જેમનો કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાઓ પર દબદબો હતો.હવે ઊદ્યોગપતિઓની બે લોબીઓ વચ્ચે કેટલીક સંસ્થાઓ પર પ્રભુત્વ મેળવવા માટે બેઉ જુથો મરણીયા બન્યા છે.કેટલાક રાજકારણીઓના છુપા આર્શીવાદને કારણે કેટલાક જુથોના લોકો વધુ શક્તિશાળી બની ગયા છે. જો કે દારુબંધીના કડક કાયદાના અમલ માટે પ્રયાસ કરનાર મુખ્યમંત્રી અને પોલીસ કેટલા અંશે એમાં સફળ થાય છે તે જોવાનું રહ્યું.પોલીસ રાજકારણીઓના બળ સામે ઝઝુમે તેવું લાગતુ નથી.પરંતુ એક વાત નક્કી છે કે ગમે તેવા કાયદાઓ દારુબંધી અંગે કરવામાં આવે પરંતુ તેનો અમલ શક્ય નથી. માત્ર નાના માણસો માટે આ નિયમથી થોડી તવાઇ આવશે.પરંતુ કડકાઇથી ભ્રષ્ટાચાર વધશે તેમાં પણ શંકા નથી.

સરકારે ગુજરાતમાં દારુબંધી અંગે રીટાયર્ડ જજનું એક પંચ નીમ્યુ હતું. જેનો રીપોર્ટ જાહેર થયો નથી.પરંતુ પંચ લોકોની દારુબંધી નાબુદ કરવાની છે તેવા નિષ્કર્ષ પર પહોચી હતી.પરંતુ ગુજરાતમાંથી દારુબંધી ઉઠાવવાની કોઇપણ સરકાર હિંમત કરી શકે નહી.સહુ મોટી દારુબંધી નડી શકે તો તે રાજકારણીઓ અને પોલીસ તંત્રને સહુથી મોટું નુકશાન થાય તેમ છે તેથી ગુજરાતમાંથી દારુબંધીના માત્ર કડક કાયદાઓ જ થઇ શકશે.તેનો અમલ ભ્રષ્ટાચારીઓ થવા દેવામાં સંમત નથી પછી દારુબંધી શક્ય નથી.

## પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચુંટણી જાહેર : નોટબંધી પછીની પ્રથમ ચુંટણીઓમાં મોદી સરકાર માટે આકરી પરીક્ષા

દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચુંટણીઓ જાહેર કરવામાં આવી છે.ઉત્તર પ્રદેશ સહિત દેશના પાંચ રાજ્યોની વિધાનસભા ચુંટણીઓ ૪ ફેબ્રુઆરીથી ૮ માર્ચ દરમિયાન યોજાશે.પાંચેય રાજ્યોના પરિણામ ૧૧માર્ચે જાહેર થશે.આ સાથે જ આર્દશ ચુંટણી આચાર સંહિતા લાગુ થઇ ગઇ છે.રાજકીય દ્રષ્ટિથી અત્યંત મહત્વના ઉત્તર પ્રદેશમાં સાત તબક્કામાં મતદાન થશે.પંજાબ અને ગોવામાં એક સાથેજ ૪ ફેબ્રુઆરીએ મતદાન થશે.ઉત્તરાખંડમાં પણ એકજ તબક્કામાં મતદાન થશે.નાનકડા મણિપુરમાં માર્ચમાં બે તબક્કામાં મતદાન થશે.મોદી સરકારની નોટબંધીની સમગ્ર કવાયત પછીની આ પ્રથમ ચુંટણી જે એક પ્રકારે આકરી પરીક્ષા છે.

મુખ્ય ચુંટણી કમિશ્નર નસિમ ઝૈદીએ પાંચ રાજ્યોની ચુંટણીની તારીખ જાહેર કરતાં કહ્યુ હતું કે કાળા નાણાંના ઉપયોગ પર પંચ બાજ નજર રાખશે. મતદારોને અન્ય પ્રલોભનો અપાતાં હશે તો તેના પર પણ નજર રાખવામાં આવશે.ઉત્તર પ્રદેશમાં ૧૧ ફેબ્રુઆરીએ પ્રથમ તબક્કામાં ૭૩ બેઠકો પર મતદાન થશે.બીજા તબક્કામાં ૧૫ ફેબ્રુઆરીએ ૬૭ બેઠકો પર મતદાન થશે. અને ત્રીજા તબક્કામાં ૧૯ ફેબ્રુઆરીએ ૬૯ બેઠકો પર મતદાન થશે.આમ પ્રથમ ત્રણ તબક્કામાં ૫૦ ટકાથી વધુ મતદાન થઇ જશે. ત્યાર પછી અનુક્રમે ૨૩ ફેબ્રુઆરી ૫૩ બેઠક,૨૭ ફેબ્રુઆરીએ ૫૨ બેઠક,૩ માર્ચ ૪૯ બેઠક,અને ૮ માર્ચ ૪૦ બેઠકનું મતદાન થશે.પંજાબ અને ગોવામાં એકજ દિવસે ૪ ફેબ્રુઆરીએ મતદાન થશે. એજ રીતે ઉત્તરાખંડમાં પણ એકજ તબક્કામાં ૧૫ ફેબ્રુઆરીએ મતદાન થશે.

મતદારો માટે પણ પંચે કેટલીક ગાઇડલાઇન બનાવી છે.આ મુજબ દરેક ઓળખ કાર્ડ પર ફોટો ફરજીયાત હોવો જોઇએ. મતદાર કોને વોટ આપે છે અને તેના ચહેરાના હાવભાવ કેવા છે તે કોઇ જોઇ શકે નહી તે માટે આ વખતે ઇવીએમની ફરતે શિલ્ડ ૩૦ ઇંચ જેટલું ઉંચુ રાખવામા આવશે.મહિલાઓ માટે અલગ પોલીંગ બુથની પણ વ્યવસ્થા આ વખતે પહેલીવાર કરવામાં આવી છે.

ચુંટણીની સાથે ચુંટણી પંચે કેટલાક ધારાધોરણો પણ જાહેર કર્યા છે.આ વખતે પંચે મતદારોની સુવિધાઓનું ધ્યા રાખ્યું છે.તો તેની સામે ઉમેદવારો માટે કડક ગાઇડલાઇન તૈયાર કરી છે.નવા નિયમ પ્રમાણે આ વખતે ઉમેદવારે તેના સોગંદનામાંમાં એ બતાવવું પડશે કે તેણે ધરના વીજળી અને પાણીના બિલ બર્યા છે કે નહીં.તેના માટે ઉમેદવારોએ નો ડિમાન્ડ સર્ટી. આપવાનું રહેશે.તેની સાથે એ પણ બતાવવું પડશે કે તે જ્યાં રહે છે તેના ધરનુ ભાડું દસ વર્ષની નિયમિત ભર્યુ છે. કે કેમ ? ઉમેદવાર માટે આ વખતે ફોટો પણ ફરજીયાત કરવામાં આવ્યો છે.ખર્ચા માટે કેટલીક મર્યાદાઓ નક્કી કરાઇ છે. જેમાં ઉત્તરપ્રદેશ,ઉત્તરાખંડ,અને પંજાબના ઉમેદવારો માટે માથાદીઠ ૨૮ લાખ ખર્ચી શકશે.ગોવા અને મણિપુરમાં તે ૨૦ લાખની છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફના જન્મદિવસે મોદીએ પાઠવેલ શુભકામનાની શિવસેનાએ ટીકા કરી



ભારત પાકિસ્તાનના સંબધો ચાલી રહેલ તંગદીલી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને તેમના જન્મદિવસે આપેલી શુભકામની શિવસેનાએ વેધક ટીકા કરી હતી અને કહ્યુ હતું કે છત્રપતિ શિવાજીએ ક્યારેય દેશના દુશ્મનોને એવી રીતે શુભકામનાઓ પાઠવી નહોતી.

મોદીએ તાજેતરમાં મુંબઇમાં શિવાજી સ્મારકનું જળપુજન કર્યુ હતું.પોતાના પાર્ટી મુખપત્ર સામના ના સંપાદકીયમાં શિવસેનાએ કહ્યુ હતું કે શિવાજી મહારાજના વિચારો અંગે સૌથી અદભુત વાત એ છે કે તેઓ સ્વરાજ્યના દુશ્મનોને દેશના દુશ્મન માનતા હતા.શિવાજી મહારાજે ક્યારેય ઔરંગઝેબ,અફઝલખાન અને શાઇસ્તા ખાનને જન્મદિવસે શુભકામના પાઠવી ન હતી.

ભાજપે રાજકીય લાભ લેવા માટે મરાઠા દિગ્ગજની વારસાઇ પર દાવો કરવા માટે સમારોહનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો છેતેમ જણાંવતાં મુખપત્રમાં લખાયું છે કે અમે નેતાઓને એટલું જ કહી શકીએ કે તેઓ નીચલા સ્તરનું રાજકારણ રમવા માટે શિવાજીનો ઉપયોગ ન કરે.જે લોકો છત્રપતિ શિવાજીના અધિકારો માટે દાવા કરી રહ્યા છે તે લોક અંતમાં ધુળમાં ફેકાશે.

## શિવસેનાએ કેન્દ્રની ભાજપ સરકારની ઇચ્છાશક્તિ સામે સવાલ કર્યો

સેનાના વડા તરીકે જનરલ બિપિન રાવતે હોદ્દો સંભાળ્યા બાદ શિવસેનાએ સરકારને સવાલ કર્યો છે કે શું પાકિસ્તાનને પાઠ ભણાવવ માટે તેની પાસે રાજકીય ઇચ્છાશક્તિ છે ? તેણે કહ્યુ છે કે આપણા સૈનિકો પાસે ૫૬ ઇંચની છાતી છે અને તેઓ સામી છાતીએ ગોળીઓ ખાઇને પણ દુશ્મનોનો સામનો કરવા તૈયાર છે. પરંતુ મુળ સવાલ એ છે કે દિલ્હીમાં નેતાઓ પાસે પાકિસ્તાનને સબક શીખડાવવા માટેની તાકાત છે.

જનરલ રાવતે કહ્યુ હતું કે તેમની સેના પાકિસ્તાન અને ચીન એમ એકસાથે બે મોરચે યુધ્ધ માટે તૈયાર છે.પરંતુ તેઓ ચીન સાથે સંઘર્ષ નહી પરંતુ સહકાર ઇચ્છે છે . એ પછી શિવસેનાએ ઉમેર્યુ હતું કે છેલ્લા અઢી વર્ષમાં કાશ્મીર ખીણમાં ભારતે તેના ઘણા સૈનિકો ગુમાવ્યા છે.

## નવજોત સિધ્ધુ કોંગ્રેસની ટીકીટ પરથી અમૃતસર-પંજાબમાંથી ચુંટણી લડશે

ભાજપના સાંસદપદેથી રાજીનામુ આપીને છુટા થયેલા નવજોતસિધ્ધુ કોંગ્રેસમાંથી ટીકીટ લઇને અમૃતસરમાંથી ચુટણી લડશે.છેલ્લા કેટલાક સમયથી પંજાબના રાજકારણમાં સિધ્ધુ ચુંટણી લડશે કે કેમ તે અંગે શંકાઓ પ્રવર્તતી હતી.આ પહેલા સિધ્ધુની પત્ની નવજોતકૌરે પણ ભાજપ સાથે છેડો ફાડ્યો હતો.આપમાં જોડાશે તેવી પ્રબળ અફવાનો હવે અંત આવ્યો છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પલેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# નોટબંધીનો નિર્ણય નાગરિકો સાથે છેતરપીંડી સમાન છે : મોદી રાજીનામું આપે : વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નોટબંધીના નિર્ણયને કારણે સર્વિસ સેકટરમાં પીએમઆઇમાં ઘટાડો,ઉત્પાદન વિકાસદરમાં ઘટાડો,બેરોજગારીમાં વધારો, અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને ભારે હાલાકી અને દેશના વિકાસદરમાં સૌથી મોટી અસર દેખાઇ છે ત્યારે ૫૦ દિવસ પુરા થયા પછી પીએમ ભાષણમાં મસ્ત અને પ્રજા ત્રસ્ત હોવાનો આક્ષેપ વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કર્યો છે.નોટબંધીના નામે દેશની જનતા સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરનારા વડાપ્રધાને રાજીનામું આપી દેવું જોઇએ એવી માંગ તેમણે કરી છે.

વડાપ્રધાનના નોટબંધીના ૮ નવેમ્બરના સંબોધનથી શરુ થયેલુ કાળું નાણું -ગુલાબી નાણાંની નોટબંધી એ ભાજપ સરકાર માટે હેડલાઇન છે એની કોઇ ડેડ લાઇન નથી તેવો વ્યંગ કરતાં વિપક્ષી નેતાએ જણાવ્યુ કે ગુજરાતની જેમ જ દેશની પ્રજાને વડાપ્રધાને માત્ર વચનોની લ્હાણી, સ્વપ્નસિધ્ધિ માટેના ખર્ચા સિવાય બીજું કંઇ આપ્યુ નથી.પ્રજાનું કોઇપણ ક્ષેત્રે કલ્યાણ થયું નથી.નર્મદાની કેનાલ ૨૦૧૦માં પુરી કરવાની વાતો કરનારા ભાજપના શાસનમાં ૪૪ હજાર કી.મી.ની પેટા કેનાલનું બાકી છે.ગંગા સ્વચ્છતા અભિયાનમાં રુ. ૧ હજાર કરોડ ખર્ચાયા પછી નદીના પ્રદુષણમાં વધારો થયો છે. રામની તો ખબર નથી પરંતુ ભાજપ તેરી ગંગા મેલી હો ગઇ.પ્રધાનમંત્રી કે જુઠે વાદે વાલે ભાષણ સુનતે સુનતે. એવી ટિપ્પણી કરતાં વિપક્ષી નેતાએ માંગણી કરી કે જે લોકોએ નોટબંધીને કારણે પોતાના સ્વજનો ગુમાવ્યા તેમના માટે સરકારે વળતરની જાહેરાત કરવી જોઇએ.

# નોટબંધી ભારતના ઇતિહાસનું કાળુ પ્રકરણ છે.અપરિપક્વ નિર્ણયને કારણે દેશની ૯૦ટકા જનતા હેરાન થઇ છે :માયાવતી

ઉત્તર પ્રદેશમાં ચુંટણીની જાહેરાત પુર્વે બહુજન સમાજવાદી પાર્ટીના સુપ્રીમો અને પુર્વ મુખ્યમંત્રી માયાવતીએ નોટબંધી અંગે ભાજપની મોદી સરકાર પર આકરા પ્રહારો કરતાં કહ્યુ હતું કે મોદીનો નોટબંધીનો નિર્ણય અપરિપક્વ હતો જે કોઇ તૈયારી વિના લેવાયો હતો.તેઓ આખા દેશને સંકટમાં મુકી રહ્યા છે.મોદીએ નોટબંધીની જાહેરાત દોઢ વર્ષ પહેલાં કેમ ન કરી ? નોટબંધીનો નિર્ણય દેશના ઇતિહાસમાં કાળુ પ્રકરણ બની રહેશે.મોદીનો નોટબંધીનો પડછાયો યમરાજની જેમ લોકોની પાછળ પડી ગયો છે.મોદીના અપરિપક્વ નિર્ણયને કારણે દેશના ૯૦ ટકા લોકોને હેરાનગતિ ભોગવવી પડી છે.નવા વર્ષમાં ભગવાન મોદીને અને ભાજપને સદબુધ્ધિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.દેશમાં ભાજપ ગરીબ વિરોધી નીતિઓનો પર્દાફાશ થયો છે.ગરીબોના ખાતામાં ૧૫થી ૨૦લાખ જમા થાય તેની જાહેરાતની રાહ જોતા હતા. પણ ૩૧મીએ મોદીએ કોથળામાંથી બિલાડુ જ નિકળ્યું.

માયાવતીએ કહ્યુ હતું કે લોકોને તેમના પૈસા પોતાના રહે તે માટેની ચિંતા છે.મોદીની ખોટી કાર્યશૈલીથી લોકો હજી પણ ચિંતિત છે.લોકો અચ્છે દિનની રાહ જુએ છે.પણ તેના અણસાર ક્યાંય દેખાતા નથી. લોકો પોતાના પૈસા માટે લાચારીમાં મુકાય નહીં તેવી વ્યવસ્થા સરકારે કરવી જોઇએ. લોકોને પોતાના પૈસા ખર્ચવા આઝાદી મળે તેવા પગલાં મોદી લે અને ૨૦૧૭માં સદ્બુધ્ધિ આવે તેવી પ્રાર્થના કરીએ.

માયાવતીએ કહ્યુ હતું કે નોટબંધી પછી કેટલું કાળુ નાણું પકડાયું તેનો મોદી જવાબ આપે.બ્લેકમની અને ભ્રષ્ટાચાર અંગે તેઓ કેમ કશું બોલતા નથી. નોટબંધીના ૫૦ દિવસ પુરા થઇ ગયા હજી લોકોને રાહત મળી નથી. ગરીબોને મકાન આપવાનું વચન આપ્યુ હતું તેમાં કોઇ પ્રગતિ થઇ નથી.આમ સરકારની નીતિઓ અને વચનો પોકળ પુરવાર થયા છે.

જો કે સમાજવાદી પાર્ટીના રાજકીય અને પારિવારિક દંગલ વચ્ચે બહુજન સમાજવાદી પાર્ટીના સુપ્રીમો માયાવતીએ યુપીમાં ચુંટણીની તૈયારી કરી દીધી છે.માયાવતીએ જાતિના આધારે ૪૦૩ ઉમેદવારોની યાદી જાહેર કરી છે.કોને કેટલી ટીકીટો અપાઇ તેની જાતિદીઠ જાહેરાત કરાઇ છે.નવાઇની વાત એ છે કે માયાવતીએ આ વખતે સૌને રાજી રાખવાના પ્રયાસો કર્યા છે.અને સામાજિક એન્જીનીયરીંગની ફોર્મ્યુલા અપનાવી છે.માયાવતીએ ૮૭ સીટો દલિતોને આપી છે.અને ૯૭ સીટો મુસ્લીમોને આપી છે.ઓબીસીને ૧૦૬ સીટો તેમ જ અન્ય જાતિના લોકોને ૧૧૩ સીટો ફાળવવામાં આવી છે.જેમાં બ્રાહ્મણોને ૬૬, કાયસ્થોને ૩૬ અને વૈશ્ય તેમજ પંજાબીઓને ૧૧ સીટ આપી છે.કામગીરીના આધારે ટીકીટ આપવામાં આવી છે.

માયાવતીએ પોતાનુ ચુંટણીકામ શરુ કરી દીધું છે.જ્યારે બીજા બધાને હજુ શરુ કરવાનુ છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ**

# રિઝર્વ બેન્ક ૩૦ ડિસેમ્બર પછી નોટ બદલશે તેવી વડાપ્રધાનની કરેલી જાહેરાત માત્ર જાહેરાત જ સાબિત થઇ

નોટબંધીની જાહેરાત કરતી વખતે વડાપ્રધાને ભાર પુર્વક દેશવાસીઓ અને મિત્રોને ખાતરી આપેલી કે ૫૦ દિવસમાં બેન્કોમાં નોટો ભરી શકાશે તેમજ બદલી શકાશે. ત્યાર બાદ રિઝર્વ બેન્ક ૩૧ માર્ચ સુધી જુની નોટો બદલવાની કામગીરી કરશે પરંતુ તે અંગે રિઝર્વ બેન્ક જે નિયમો રજુ કરશે તે પ્રમાણે થશે.

પરંતુ નોટબંધીના સમય દરમિયાન લોકોને જે હાલાકી ભોગવવી પડી તેમાં રિઝર્વ બેન્કનો અણઘડ વહીવટથી લોકોને ભારે પરેશાની ભોગવવી પડી.આરબીઆઇએ બેન્કોને જરુરીયાત મુજબ નોટો પહોચાડી નહી તેથી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડયો.બેન્કના કર્મચારીઓ પણ પડતી તકલીફોને કારણે મેદાનમાં વિરોધ કરવા લાગ્યા.હવે ડિસેમ્બર ૩૦ બાદ રદ થયેલી નોટો રીઝર્વ બેન્કમાં બદલી આપવામાં આવશે તેવી ખાતરીને કારણે શહેરના લોકો તેમની પાસે રહેલી ચલણી નોટો વટાવવા રિઝર્વ બેન્કમાં ગયા હતા.રિઝર્વ બેન્કના સીક્યુરીટી સ્ટાફ તરફથી જણાવાયું હતું કે હવે અહીયા જુની નોટો બદલવામાં આવતી નથી.નારાજ લોકોના ભારે હોબાળા બાદ બેન્કે રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની જુની ચલણી નોટો બદલી આપવામાં આવશે નહી તેવું બોર્ડ મારી દીધું હતું. પરિણામે હવે સરકારની ખાત્રીઓ પરથી લોકોને વિશ્વાસ તુટતો જણાય છે.વડાપ્રધાન જાહેરાતો કરે રાખ્યે પરંતુ તેનો અમલ થતો નથી તેવું લોકોને લાગી રહ્યું છે.

# નોટબંધીથી આર્થિક આતંકવાદનો જન્મ : ૧૦ કરોડ બેરોજગાર : મમતા બેનરજી

નોટબંધીના મામલે વડાપ્રધાન મોદી પર દેશની બે પક્ષોની મહિલા વડાઓએ આકરા પ્રહારો કર્યા છે.તૃણમુલ કોંગ્રેસના નેતા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહક્યુ હતું કે નોટબંધીને લીધે દેશ લોકો પર આર્થિક આતંકવાદ આવી ગયો છે.ઉત્તર પ્રદેશના માજી મુખ્યમંત્રી અને બહુજન સમાજવાદી પાર્ટી(બસપા)ના વડા માયાવતીએ પણ કહ્યુ હતું કે ભારતીય જનતા પાર્ટી સત્તાના નશામાં ચુર છે્ને તેની તમામ નીતિ તેના માટે ખોટી પુરવાર થઇ રહી છે.મોદીની આગેવાની હેઠળના ભાજપના શાસનને હલ્લારાજ ગણાવતા બેનરજીએ એક જાહેર મીટીંગમાં કહ્યુ હતું કે તેમના આ પગલાંને કારણે દેશના ૧૦કરોડ લોકો બેરોજગાર થયા છે દેશના ૯૦ ટકા અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં બેન્કીગ ફે સીલીટી નથી.

આમ બે મહિલા નેતાઓએ મોદીની સામે મોરચો ખોલી દીધો છે.વધુમાં તુણમુલ કોંગ્રેસના સાંસદ સુદીપ બંદોપાધ્યાયની સીબીઆઇ દ્વારા કસ્ટડી લેતાં મમતા વિફર્યા હતા.મમતાએ વડાપ્રધાનની ઉપર સીબીઆઇનો દુરપયોગ કરવાનો આરોપ મુક્યો હતો.નોટફંધીના મામલે તેઓ કેન્દ્ર સરકાર સાથે સીધા ઘર્ષણમાં ઉતરી પડયા છે.હવે મામલો ગરમાવા પર છે.આગળ આગળ શું બને છે તેની પ્રતિક્ષા કરવી રહી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.